**માન.ધારાસભ્યશ્રી રમેશભાઇ ટીલાળા (રાજકોટ–દક્ષિણ)**

**અગ્રતા–૧૮**

**પ્રશ્ન–૧:** રાજકોટ જિલ્લામાં તાલુકાવાર કેટલા પશુઓમાં રસીકરણ કરવામાં આવ્યુ?

**જવાબ:** **માન. અધ્યક્ષશ્રી**

**માન. સભ્યશ્રીના પ્રશ્નના જવાબમાં જણાવું તો**

**પ્રસ્તાવના**

આપણું રાજય ડેરી ઉદ્યોગમાં અગ્રેસર હોઈ પશુપાલન વ્યવસાય ખુબ જ વિકસિત થઈ રહેલ છે. રાજયના પશુધનની ઉત્પાદકતા જળવાઈ રહે અને તેના થકી આપણા પશુપાલકોનો આર્થિક વિકાસ અવિરત રહે તે માટે પશુધનની તંદુરસ્તીની ચિંતા કેન્દ્ર અને રાજ્યની આ ડબલ એન્જીન સરકાર કરી રહી છે.

**માન. અધ્યક્ષશ્રી**

આપણા દેશના લોકલાડીલા માનનીય વડાપ્રધાનશ્રીના વરદ હસ્તે વર્ષ ૨૦૧૯ થી સમગ્ર દેશમાં **નેશનલ એનીમલ ડીસીઝ કંટ્રોલ પ્રોગ્રામ** કાર્યાન્વિત કરી રાજ્યના ગાય/ભેંસને થતા **ખરવા–મોવાસા અને બ્રુસેલોસીસ રોગોથી** રક્ષિત કરવા તેમજ **ઘેટાં–બકરામાં થતા પીપીઆર રોગ અટકાવવા** માટે વિનામૂલ્યે **રસીકરણ કરવામાં આવે છે. જેનો સંપુર્ણ ખર્ચ (૧૦૦%) કેંદ્ર સરકાર** ઉઠાવે છે.

**રાજકોટ જિલ્લામાં** તાલુકાવાર કેટલા **પશુઓમાં રસીકરણ** કરવામાં આવ્યુ તે અંગેની વિગતો જણાવુ તો...

| **તાલુકાનું નામ** | **રસીકરણ** |
|---|---|
| રાજકોટ | ૯૭,૫૨૦ |
| ગોંડલ | ૭૬,૫૦૦ |
| જેતપુર | ૫૫,૯૪૦ |
| ઉપલેટા | ૨૯,૯૩૫ |
| ધોરાજી | ૪૨,૪૦૧ |
| જામકંડોરણા | ૧૨,૭૮૦ |
| કોટડાસાંગાણી | ૩૬,૩૧૧ |
| પડધરી | ૩૯,૮૩૭ |
| લોધિકા | ૪૨,૬૯૯ |
| જસદણ | ૧,૩૧,૪૯૬ |
| વિંછીયા | ૯૭,૮૩૦ |
| **કુલ** | **૬,૬૩,૨૪૯** |

આમ છેલ્લા એક વર્ષમાં રાજકોટ **જિલ્લામાં તાલુકાવાર કુલ– ૬,૬૩,૨૪૯** પશુઓને રસીકરણ કરવામાં આવ્યુ.